# પૂર્વ-માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા (ધોરણ-8), ફેબ્રુઆરી-2023

**બેઠક નંબર** | | | | | | | | | | |

**સેટ A**

**0411**

**પેપર નંબર - I**

**સમય: 11:00 થી 12:30**

## માધ્યમ: ગુજરાતી

**કુલ ગુણ: 150**

## પ્રથમ ભાષા અને ગણિત

**પાના: 32**

**પ્રશ્નોના જવાબ આપતા પહેલાં નીચે આપેલી સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :**

(1) પ્રશ્નપત્ર બે ભાગમાં વહેંચાયેલું છે. ભાગ-**I** માં પ્રથમ ભાષાના **1** થી **25** પ્રશ્નો છે અને ભાગ-**II** માં ગણિતના **26** થી **75** પ્રશ્નો છે. તમામ **75** પ્રશ્નો ફરજિયાત છે.

(2) તમામ પ્રશ્નના દરેકના બે ગુણ છે.

(3) પ્રશ્નપત્ર ઉકેલવા માટે **90** મિનિટનો સમય છે.

(4) જવાબો નોંધવા માટે અલગ ઉત્તરવહી આપેલી છે. દરેક પ્રશ્નમાં ચાર વિકલ્પો આપ્યા છે. તે ધ્યાનપૂર્વક વાંચો. સાચો વિકલ્પ પસંદ કરીને ઉદાહરણ મુજબ વર્તુળને પૂર્ણપણે રંગવાનું છે.
ઉદાહરણ તરીકેઃ- જો પ્રશ્ન નંબર **6** માટે સાચો વિકલ્પ **2** હોય તો, નીચે પ્રમાણે તેની નોંધ કરવી.
પ્રશ્ન નંબર **6** - (1) ● (3) (4)

(5) મહત્તમ 20% પ્રશ્નોમાં બે સાચા વિકલ્પો છે. ઉમેદવારે સાચા વિકલ્પો વાળા બંને વર્તુળ રંગવાના છે. આ પ્રશ્નોમાં 'બે સાચા વિકલ્પો પસંદ કરો' તેવું સૂચન હશે.
ઉદાહરણ તરીકેઃ- જો પ્રશ્ન નંબર **8** માટે સાચો વિકલ્પ **2** અને **3** હોય તો, નીચે પ્રમાણે તેની નોંધ કરવી.
પ્રશ્ન નંબર **8** - (1) ● ● (4)

(6) અન્ય કોઈપણ પ્રકારે આપેલા જવાબને ધ્યાનમાં લેવાશે નહીં. આવા જવાબ માટે 'શૂન્ય' ગુણ આપવામાં આવશે.
(1) (2) (⊙) (4)

(7) 'બે સાચા વિકલ્પો પસંદ કરો' આવી સૂચનાવાળા પ્રશ્નો સિવાય અને કોઈપણ પ્રશ્ન માટે એકથી વધુ વર્તુળ રંગ્યા હશે અથવા છેકછાક કરીને જવાબ નોંધેલા હશે તો તે ગ્રાહ્ય ધરવામાં આવશે નહિ.

(8) એક વખત જવાબ નોંધી દીધા પછી બદલી શકાશે નહીં.

(9) વર્તુળ રંગવા માટે વાદળી અથવા કાળી બોલપેનનો ઉપયોગ કરવો. પેન્સિલથી ઘાટા કરેલા વર્તુળના ગુણ ઉમેરાશે નહીં.

(10) પ્રશ્નપત્રમાં દરેક પાનામાં નીચે આપેલી જગ્યામાં અથવા છેલ્લા પાને કાચુંકામ કરવું.

(11) પરીક્ષાનો સમય મર્યાદિત છે, જો તમે કોઈ પ્રશ્ન નહી ઉકેલી શકો તો, કૃપા કરીને પછીનો પ્રશ્ન ઉકેલો. જો છેલ્લે સમય બચે તો ઉકેલ્યા વગરના પ્રશ્નો ઉકેલવાનો ફરી પ્રયાસ કરો.

(12) જો તમને કોઈ પ્રશ્ન અધૂરો અથવા ભૂલ વાળો લાગે તો, નિરીક્ષક અથવા કેન્દ્ર સંચાલક પાસે કંઈ પૂછપરછ કરવી નહીં.

(13) કોઈ ભૂલ/ખામી/વાંધો હોય તો, શાળા અથવા માતા-પિતા, બ્લોક પરીક્ષા અધિકારી અથવા પરીક્ષા અધિકારીને અરજી મોકલી શકતા નથી. આ ભૂલ/ખામી/વાંધા માત્ર સંબંધિત શાળાની લોગીન દ્વારા ઓનલાઈન જ નોંધાવવા.

(14) ભૂલ/ખામી/વાંધો MSCE ની વેબસાઈટ પર તાત્પુરતી અંતિમ ઉત્તરસૂચિ પ્રસિદ્ધ થયા પછી 10 દિવસમાં ઓનલાઈન નોંધાવવા.

(15) મુદ્રણદોષ અથવા અન્ય કારણોસર પ્રશ્નમાં ભૂલ છે એમ જણાશે તો તજજ્ઞ સમિતિના અભિપ્રાય મુજબ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

(16) મૂળ માધ્યમ સાથે અંગ્રેજી માધ્યમની પ્રશ્નપત્રિકા આપેલી હશે. મૂળ માધ્યમમાં ન સમજાય તેવા પ્રશ્નો માટે અંગ્રેજી પ્રશ્નો જોવા.

## Section - I

### ગુજરાતી

**01.** વર્ણોની એકબીજા સાથે જોડાઇ જવાની ક્રિયાને ______ કહે છે.

(1) સંધિ
(2) વિશેષણ
(3) સમાસ
(4) અલંકાર

**02.** રેખાંકિત કરેલા શબ્દનો સર્વનામનો પ્રકાર નીચેના પર્યાયોમાંથી ઓળખો.

* જો તમે મહેનત કરશો તો સફળતા મેળવશો.

(1) અનિશ્ચિત સર્વનામ
(2) દર્શક સર્વનામ
(3) પ્રશ્નવાચક સર્વનામ
(4) સાપેક્ષ સર્વનામ

**03.** નીચેનામાંથી સ્ત્રીલિંગ શબ્દ શોધો.

(1) છાશ
(2) ઘાસ
(3) શ્વાસ
(4) માસ

**04.** નીચેના પૈકી જે શબ્દનું બહુવચન રૂપ બદલાય છે તે શબ્દ ઓળખો.

(1) જુઇ
(2) શેવંતી
(3) મોગરો
(4) રાતરાણી

**05.** નામના લિંગ, વચન અનુસાર પ્રત્યય બદલતી વિભક્તિ નીચેના પર્યાયમાંથી શોધો.

(1) ચતુર્થ
(2) ષષ્ઠી
(3) પંચમી
(4) સપ્તમી

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

**06.** નીચેના વાક્યોમાંથી સાદું વાક્ય ઓળખો.(બે અચૂક પર્યાય શોધો)

(1) ખેડૂત ખેતી કરે ને જગતને ખવડાવે.

(2) આજે વરસાદ આવશે.

(3) હું કવિતા લખું છું.

(4) અમે મોડા પડ્યા, તેથી ગાડી ઊપડી ગઈ.

**07.** યોગ્ય વિરામચિહ્નવાળુ વાક્ય નીચેના પૈકી કયું તે ઓળખો.

(1) માધવે કહ્યું. આ ગાય મારી જ છે.

(2) માધવે કહ્યું, ''આ ગાય મારી જ છે.''

(3) માધવે કહ્યું, ''આ ગાય મારી જ છે?''

(4) માધવે કહ્યું; આ ગાય મારી જ છે.

**08.** નીચેના પર્યાયોમાંથી ઈતરેત્તર દ્વંદ્વ સમાસનો પ્રકાર દર્શાવતો પર્યાય શોધો.

(1) ભૂલચૂક (2) જયપરાજય

(3) મધમાખી (4) રાધાકૃષ્ણ

**09.** એક જ વર્ણ એક જ પંક્તિમાં વારંવાર આવે તેવા અલંકારના પ્રકારને નીચેના પર્યાયમાંથી શોધો.

(1) શબ્દાનુપ્રાસ (2) અંત્યાનુપ્રાસ

(3) વર્ણાનુપ્રાસ (4) પ્રાસસાંકળી

| ફક્ત કાચા કાર્ય માટે |
|---|
| |

**10.** 'સમયવાચક ક્રિયાવિશેષણ' દર્શાવતા વાક્યના પ્રકાર નીચેના પર્યાયમાંથી શોધો.
(બે અચૂક પર્યાય શોધો.)
(1) નજીક જ ગરમ પાણીના કુંડ છે.
(2) મેં આ વાર્તા અત્યારે જ સાંભળી.
(3) હા, કાલે હું સમયસર આવીશ.
(4) આપણે હંમેશાં સાચું બોલવું જોઈએ.

**11.** નીચેનામાંથી કઈ રચના ઝવેરચંદ મેઘાણીની છે?
(1) ચાલ મન
(2) સાચું ઘી
(3) ચારણકન્યા
(4) નથી રે જુદાઈ

**12.** 'ગરબી' શૈલીના ગીતો રચનારા પ્રથમ મધ્યકાલીન ગુજરાતી કવિ નીચેના પર્યાયમાંથી ઓળખો.
(1) દયારામ
(2) અખો
(3) કૃષ્ણ દવે
(4) ઉમાશંકર જોષી

**પ્રશ્ન 13 થી 15 માટે સૂચના –**

**નીચેનો ફકરો વાંચી તેની નીચે પૂછેલા પ્રશ્નોના જવાબ પર્યાયમાંથી શોધો.**

અડાલજ વાવ : વાવ અને પરબડી તો ગુજરાતના લોકસ્થાપત્યની વિશિષ્ટતા છે. અમદાવાદ-ગાંધીનગરના ધોરી રસ્તા ઉપર આવેલી અડાલજ વાવની કલા-કોતરણી સ્તંભો, ગોખલા વગેરેનાં નયનરમ્ય શિલ્પ અને અદ્ભુત સ્થાપત્ય ઉત્કૃષ્ટ છે. પનિહારીઓના દિલને ટાઢક થાય તેવાં મનોહર શિલ્પ આ વાવમાં છે. સમાજના લોકોની ઉપયોગિતા સાથે કલાત્મકતાનો સુંદર સુમેળ અહીં સધાયો છે.

વાવના કૂવામાં ઊતરવા ત્રાંસા અને પહોળાં પગથિયાંની શ્રેણી રચેલી છે. આ રીતે વિવિધ માળ બાંધવાની રચના કરવામાં આવી છે. પ્રવેશ આગળ મંડપ અને વાવની બંને બાજુ પથ્થરની દીવાલોમાં ગોખ કોતરેલા છે. તેની સુંદરતાને કારણે સરકારે તેની જાળવણી કરીને પ્રવાસસ્થળ તરીકે વિકસાવી છે.

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

**13.** અડાલજ વાવ ક્યાં આવેલી છે?

(1) અમદાવાદ - પાટણ રસ્તા ઉપર આવેલી છે.

(2) અમદાવાદ - મહેસાણા રસ્તા ઉપર આવેલી છે.

(3) અમદાવાદ - ભાવનગર રસ્તા ઉપર આવેલી છે.

(4) અમદાવાદ - ગાંધીનગરના ધોરી રસ્તા ઉપર આવેલી છે.

**14.** વાવના કૂવામાં ઊતરવા પગથિયાંની શ્રેણી કેવી છે?

(1) ત્રાંસી અને પહોળી
(2) ત્રાંસી અને લાંબી
(3) લાંબી અને ઊંચી
(4) ઊંચી અને પહોળી

**15.** 'આંખને ગમે તેવું' માટે ગદ્યખંડમાં ક્યો શબ્દ વપરાયો છે?

(1) મનોહર
(2) ઉત્કૃષ્ટ
(3) નયનરમ્ય
(4) અદ્‌ભુત

**પ્રશ્ન 16 થી 18 માટે સૂચના -**

**આપેલું કાવ્ય વાંચી તેની નીચેના પ્રશ્નોના જવાબ આપેલા પર્યાયમાંથી શોધો.**

હજીય લીલીછમ સીમ બાકી,
કેમે ન ખૂટે, ભરપેટ ખાધી.
અલોપ થાશે હમણાં નિશામાં,
ચાલ્યાં ધણો સૌ ઘરની દિશામાં.
બપોરવેળા વડલા તળે ત્યાં
વાગોળતાં, ઝોકુંય ખાઈ લેતાં,
અસીમ શી શાંતિ હસી રહી હતી,
નસે નસે સીમ ધસી રહી હતી.
ઘરે ગમાણે બમણે બગાઈઓ,
ને ભૂખની ઊઘડતી જ ખાઈઓ,
અંધારું આંખો મહીં મેશ ઘૂંટે
બંધાઈ, જૈને ઘડી માંહી ખૂંટે.
જ્યાં આંચળોમાં મુખ નાખ્યું વાછડે,
સારીય તે સીમનું હીર ત્યાં દડે.

<u>**ફક્ત કાચા કાર્ય માટે**</u>

**16.** અંધારું થતાં જ પશુઓના ધણ કઈ તરફ જશે?

(1) પાદર (2) ઘર

(3) ગમાણ (4) સીમ

**17.** નીચેનો અર્થ દર્શાવતી કાવ્ય પંક્તિ પર્યાયમાંથી શોધો.

* ગમાણમાં બગાઈઓ પશુઓને હેરાન કરે છે.

(1) બંધાઈ, જેને ઘડી માંહી ખૂંટે. (2) ઘરે ગમાણે બમણે બગાઈઓ.

(3) ને ભૂખની ઉઘડતી જ ખાઈઓ. (4) અંધારું આંખો મહીં મેશ ઘૂંટે.

**18.** કાવ્યમાં 'અમન' શબ્દ માટે વપરાયેલો શબ્દ નીચેના પૈકી કયો?

(1) નિશા (2) શાંતિ

(3) હીર (4) અલોપ

**19.** નીચે આપેલા શબ્દનો વિરોધી શબ્દ પર્યાયોમાંથી શોધો.

* નિર્મળ

(1) શાંત (2) સ્વચ્છ

(3) શીતલ (4) મલિન

**20.** 'વદન' શબ્દના સમાનાર્થી શબ્દ નીચેના પર્યાયો પૈકી ક્યા છે? (બે અચૂક પર્યાય શોધો)

(1) આનન (2) ચહેરો

(3) ચક્ષુ (4) ચરણ

**21.** નીચેના પર્યાયો પૈકી સાચી જોડણીવાળો શબ્દ કયો? તે શોધો.

(1) પરબીડિયું (2) પ્રચલીત

(3) આત્મવિસ્વાસ (4) સંસકાર

<u>**ફક્ત કાચા કાર્ય માટે**</u>

**22.** ખોટી જોડી ઓળખો.

(1) ગુણકારી ઉપાય - રામબાણ

(2) અત્યંત ભોળો માણસ - ભોળો ભટ્ટ

(3) જન્મથી જ શ્રીમંત - ગર્ભશ્રીમંત

(4) હંમેશા અસત્ય બોલનાર - સત્યવાદી

**23.** નીચેના પૈકી ક્યો શબ્દ પારિભાષિક શબ્દ છે?


(1) કર્મ

(2) ફાર્મ

(3) ધર્મ

(4) મર્મ

**24.** નીચે આપેલા ચોકઠામાં એક કહેવત છુપાયેલી છે. તેના અક્ષરો યોગ્ય ક્રમમાં ગોઠવીને તૈયાર થતી કહેવતનો અર્થ નીચેના પર્યાયોમાંથી શોધો.




(1) હૈયું બાળવા કરતા હાથ બાળવા સારા.

(2) તમાચો મારી મોં લાલ રાખવું

(3) પાડાને વાંકે પખાલીને ડામ.

(4) હિંમતે મર્દા તો મદદે ખુદા.

**25.** નીચેનામાંથી ક્યો વ્યંજન તાલવ્ય નથી?

(1) ચ

(2) સ

(3) જ

(4) શ

ફક્ત કાચા કાર્ય માટે

**SECTION - II**

## MATHEMATICS

**26.** Factors of a polynomial are $(x - 7)(x - 8)$. Find the polynomial.

(1) $x^2 + 15x + 56$ (2) $x^2 + 15x - 56$

(3) $x^2 - 15x + 56$ (4) $x^2 - 15x - 56$

**27.** Reena had some flowers. She prepared garlands from them. When she made every garland of 12 flowers, she was left with 11 flowers. If she had used 16 flowers for each garland then she would have left with 15 flowers. If she had used 18 flowers for each garland then she would have left with 17 flowers. Find the minimum number of flowers that she may have.

(1) 161 (2) 155 (3) 143 (4) 145

**28.** The sides forming right angle of a right angled triangle are 7 cm and 24 cm. Find the radius of the circumcircle of the triangle.

(1) 25.0 cm (2) 12.5 cm

(3) 12 cm (4) 13.5 cm

**29.** Every year the population of a town decreases by 5% due to migration of the people. In the year 2022 the population was 9025. Find the population of the town in the year 2020?

(1) 10,000 (2) 11,000 (3) 11,025 (4) 10,250

**30.** The denominator of a fraction is greater than its numerator by 6. If the numerator is decreased by 1 and the denominator is increased by 9, then the new fraction is equivalent with $\frac{1}{2}$. Find the original fraction.

(1) $\frac{15}{23}$ (2) $\frac{17}{23}$ (3) $\frac{13}{19}$ (4) $\frac{23}{17}$

**SPACE FOR ROUGH WORK**

## Section - II

### ગણિત

**26.** એક બૈજિક રાશિના અવયવ $(x-7)\ (x-8)$ છે. તો તે રાશિ કઈ?

(1) $x^2 + 15x + 56$  (2) $x^2 + 15x - 56$

(3) $x^2 - 15x + 56$  (4) $x^2 - 15x - 56$

**27.** રીના પાસે કેટલાંક ફૂલો છે તેણે પ્રત્યેક માળામાં 12 પ્રમાણે ફૂલોની માળા બનાવી તો તેની પાસે 11 ફૂલો બાકી વધે છે. જો પ્રત્યેકમાં 16 ફૂલ પ્રમાણે માળા બનાવી તો 15 ફૂલો બાકી વધે છે. જો પ્રત્યેક માં 18 ફૂલો પ્રમાણે માળા બનાવી તો 17 ફૂલો બાકી વધે છે. તો તેની પાસે ઓછામાં ઓછા કેટલા ફૂલો હશે?

(1) 161  (2) 155  (3) 143  (4) 145

**28.** એક કાટકોણ ત્રિકોણમાં કાટકોણ બનાવતી બાજુની લંબાઈ 7 સેમી અને 24 સેમી છે તો આ ત્રિકોણના પરિવર્તુળની ત્રિજ્યા કેટલી?

(1) 25.0 સેમી  (2) 12.5 સેમી

(3) 12 સેમી  (4) 13.5 સેમી

**29.** સ્થળાંતરના કારણે એક ગામની સંખ્યા દર વર્ષે 5% દર પ્રમાણે ઓછી થાય છે. 2022 ની સાલમાં આ ગામની લોકસંખ્યા 9025 છે તો 2020 ની સાલમાં આ ગામની લોકસંખ્યા કેટલી હશે?

(1) 10,000  (2) 11,000  (3) 11,025  (4) 10,250

**30.** એક અપૂર્ણાંકનો છેદ તેના અંશ કરતાં 6 જેટલો વધારે છે. જો અંશમાંથી 1 બાદ કરતાં અને છેદમાં 9 ઉમેરતા અપૂર્ણાંકની કિંમત $\frac{1}{2}$ થાય છે. તો મૂળ અપૂર્ણાંક ક્યો?

(1) $\frac{15}{23}$  (2) $\frac{17}{23}$  (3) $\frac{13}{19}$  (4) $\frac{23}{17}$

**ફક્ત કાચા કાર્ય માટે**

**31.** Solve. (Select two correct options)

$$\frac{3x+2}{6}+\frac{2x}{3}+\frac{x+1}{2}=5$$

(1) $\frac{5}{2}$ (2) 2.5 (3) 3.5 (4) $3\frac{1}{2}$

**32.** If an article is sold for Rs. 150, certain loss is incurred. But if the article is sold for Rs. 275, the profit is one and half times the loss. Find the original price of the article.

(1) 225 (2) 250 (3) 175 (4) 200

**33.** Simplify - $\dfrac{2x^2 + 7x + 6}{x^2 - 13x - 30}$

(1) $\frac{2x+3}{x-15}$ (2) $\frac{2x-3}{x+15}$

(3) $\frac{2x-3}{x-15}$ (4) $\frac{2x+3}{x+15}$

**34.** To complete a job, 'A' requires 12 days. For the same job, 'B' requires 20 days to complete the job. Both of them worked together for 3 days and then A left the job. To complete the remaining job, how many days 'B' will require?

(1) 18 (2) 15 (3) 12 (4) 10

**35.** Mrs. Desai purchased 30 tables. Out of that she sold 25 tables and received the same amount which she had spent to purchase 30 tables. Find the percentage of profit or loss in this transaction.

(1) 25% profit (2) 20% profit

(3) 20% loss (4) 25% loss

**SPACE FOR ROUGH WORK**

**31.** ઉકેલો.

$\frac{3x+2}{6}+\frac{2x}{3}+\frac{x+1}{2}=5$ (બે અચૂક પર્યાય શોધો.)

(1) $\frac{5}{2}$ (2) 2.5

(3) 3.5 (4) $3\frac{1}{2}$

**32.** એક વસ્તુ 150 રૂપિયામાં વેચતાં જેટલી ખોટ થાય તેનો દોઢગણો નફો એ વસ્તુ 275 રૂપિયામાં વેચતાં થાય છે. તો વસ્તુની મૂળ કિંમત કેટલા રૂપિયા?

(1) 225 (2) 250 (3) 175 (4) 200

**33.** સાદુંરૂપ આપો.

$\frac{2x^2 + 7x + 6}{x^2 - 13x - 30}$

(1) $\frac{2x+3}{x-15}$ (2) $\frac{2x-3}{x+15}$

(3) $\frac{2x-3}{x-15}$ (4) $\frac{2x+3}{x+15}$

**34.** એક કામ પૂર્ણ કરવા માટે A ને 12 દિવસ લાગે છે. તો B ને 20 દિવસ લાગે છે. બન્નેએ મળીને તે કામ 3 દિવસ કર્યા પછી A કામ છોડી જતો રહે છે. તો વધેલું કામ પૂર્ણ કરવા માટે B ને કેટલા દિવસ લાગશે?

(1) 18 (2) 15 (3) 12 (4) 10

**35.** શ્રીમતી દેસાઈએ જેટલી કિંમતમાં 30 ટેબલ ખરીદી કર્યાં તેટલી જ કિંમત તેમાંથી 25 ટેબલ વેચીને મેળવી. તો આ વ્યવહારમાં તેમને સેંકડે નફો અથવા ખોટ કેટલી થઈ?

(1) 25% નફો (2) 20% નફો

(3) 20% ખોટ (4) 25% ખોટ

**<u>ફક્ત કાચા કાર્ય માટે</u>**

**36.** $3^x = 27^y = 9^z = 729$. Find the value of $(xyz)^{\frac{3}{2}}$.

(1) 36 (2) 216 (3) 6 (4) 11

**37.** Which of the following polynomial has the co-efficient form (2, 0, 0, 0, 0, –5)?

(1) $2x^4 - 5$ (2) $2x^6 - 5$

(3) $2x^5 - 5$ (4) $x^5 - 5$

**38.** A ditch 20 m. long, 10 m. wide and 5 m. deep was dug and soil was spread evenly over a ground that was 25 m. long and 20 m. wide. What was the thickness of the soil spread? (Choose two correct options)

(1) 20 decimeter (2) 20 cm.

(3) 2.0 m. (4) 20 m.

**39.** The diameter of a ball is 20 cm. Find the volume of the air in the ball. ($\pi = 3.14$)

(1) 41866.7 cubic cm. (2) 4186.67 sq. cm.

(3) 418.67 $cm^3$. (4) 4186.67 cubic cm.

**40.** The price of a washing machine is Rs. $\left(\frac{5}{y}+\frac{x}{6}\right)$. Find the price of $\left(\frac{x}{6}-\frac{5}{y}\right)$ washing machines.

(1) $\left(\frac{x^2}{36}-\frac{25}{y^2}\right)$ (2) $\left(\frac{x^2}{36}+\frac{25}{y^2}\right)$

(3) $\left(\frac{x^2}{36}-\frac{y^2}{25}\right)$ (4) $\left(\frac{25}{y^2}-\frac{x^2}{36}\right)$

**41.** A car travelled the distance 38 km, 27 km, 40 km, 35 km in the first four hours respectively. How much distance the car should travel in the fifth hour, so that the average speed of the car will be 35 km/hr?

(1) 25 km (2) 40 km (3) 45 km (4) 35 km

**SPACE FOR ROUGH WORK**

**36.** $3^x = 27^y = 9^z = 729$ તો $(xyz)^{\frac{3}{2}} = ?$

(1) 36 (2) 216 (3) 6 (4) 11

**37.** $(2, 0, 0, 0, 0, -5)$ આ સહગુણક રૂપ હોય તેવી બહુપદી કઈ?

(1) $2x^4 - 5$ (2) $2x^6 - 5$

(3) $2x^5 - 5$ (4) $x^5 - 5$

**38.** એક ખેતરમાં 20મી × 10મી × 5મી ઊંડો ખાડો ખોદતાં તેમાંથી નીકળેલી માટી 25મી લંબાઈ અને 20મી પહોળાઈવાળા મેદાન પર એક સરખી પાથરી તો કેટલી જાડાઈનો માટીનો થર તૈયાર થશે? (બે અચૂક પર્યાય શોધો.)

(1) 20 ડેસિમીટર (2) 20 સેમી

(3) 2.0 મીટર (4) 20 મીટર

**39.** એક દડાનો વ્યાસ 20 સેમી છે તો તેમાં રહેલી હવાનું ઘનફળ કેટલું? ($\pi = 3.14$ લો)

(1) 41866.7 ઘ.સેમી. (2) 4186.67 ચો.સેમી.

(3) 418.67 સેમી$^3$ (4) 4186.67 ઘ.સેમી.

**40.** એક વોશિંગ મશીનની કિંમત $\left(\frac{5}{y}+\frac{x}{6}\right)$ રૂપિયા છે તો તેવા $\left(\frac{x}{6}-\frac{5}{y}\right)$ વોશિંગ મશીનની કિંમત કેટલા રૂપિયા થશે?

(1) $\left(\frac{x^2}{36}-\frac{25}{y^2}\right)$ (2) $\left(\frac{x^2}{36}+\frac{25}{y^2}\right)$

(3) $\left(\frac{x^2}{36}-\frac{y^2}{25}\right)$ (4) $\left(\frac{25}{y^2}-\frac{x^2}{36}\right)$


**41.** એક વાહને પહેલા ચાર કલાકમાં અનુક્રમે 38 કિમી., 27 કિમી., 40 કિમી. અને 35 કિમી. અંતર કાપ્યું. પાંચમાં કલાકમાં કેટલું અંતર કાપે, તો વાહનનો સરાસરી વેગ 35 કિમી/કલાક થશે?

(1) 25 કિમી. (2) 40 કિમી. (3) 45 કિમી. (4) 35 કિમી.

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

**Directions for Question 42 and 43.**


In the following 'Percentage Bar Diagram' the percentage of expenditure and savings of Shri Tushar is shown. Observe the graph and answer the questions that follow.




**SPACE FOR ROUGH WORK**

**પ્રશ્ન 42 અને 43 માટે સૂચના -**

શ્રી તુષારનું ખર્ચ અને બચતનુ પ્રમાણ શતમાન સ્તંભાલેખમાં દર્શાવ્યું છે. તેનું નિરીક્ષણ કરી પ્રશ્ન ઉકેલો.




**ફક્ત કાચા કાર્ય માટે**

**42.** Shri. Tushar's income in the month of February was Rs. 40,500. Find his savings in that month.

(1) 12,150 (2) 28,350 (3) 12,500 (4) 28,000

**43.** Find the ratio of savings to expenses for the month of 'May'.

(1) 17:3 (2) 5:17 (3) 17:5 (4) 3:17

**44.** Laxmanrao purchased shares worth Rs. 10,500 and paid 0.5% brokerage. Find the amount spent to purchase the shares including brokerage.

(1) 15052.50 (2) 52.50 (3) 10552.50 (4) 1044.50

**45.** Choose the correct alternative in which all the pairs are matched correctly.

| | | | |
|---|---|---|---|
| A) | $y^2 - 17y - 60$ | a. | $(y - 12)(y - 5)$ |
| B) | $y^2 - 17y + 60$ | b. | $(y + 20)(y - 3)$ |
| C) | $y^2 + 17y - 60$ | c. | $(y - 20)(y + 3)$ |
| D) | $y^2 + 17y + 60$ | d. | $(y + 12)(y + 5)$ |

(1) A-c, B-d, C-a, D-b (2) A-c, B-a, C-b, D-d

(3) A-a, B-c, C-d, D-b (4) A-d, B-b, C-a, D-c

**46.** The inner surface of a cylindrical well of height 14m and radius 250 cm is to be plastered with cement-sand layer. At the rate of Rs. 100 per square meter, what will be the total cost in rupees?

(1) 22,000 (2) 22,00,000 (3) 2,20,000 (4) 220

**47.** A shopkeeper sold two articles with marked price Rs. 1900 to A and B. He sold one article to A by giving discount of Rs. 171 and sold another article to B by giving discount of Rs. 152. How much was the difference between the percentage of discount given to A and B?

(1) 0.5 (2) 19 (3) 1 (4) 0.1

**SPACE FOR ROUGH WORK**

**42.** શ્રી તુષારની ફેબ્રુઆરી મહિનાની આવક રૂ. 40,500 છે તો તે મહિનાની બચત કેટલી?

(1) 12,150 (2) 28,350 (3) 12,500 (4) 28,000

**43.** 'મે' મહિનામાં બચતનો ખર્ચ સાથેનો ગુણોત્તર કેટલો?

(1) 17 : 3 (2) 5 : 17 (3) 17 : 5 (4) 3 : 17

**44.** લક્ષ્મણરાવે 10,500 રૂપિયાનાં શેઅર્સ વેચાતાં લીધાં તેના પર 0.5% દલાલી આપી તો દલાલી સાથે શેઅર્સની ખરીદ કિંમત કેટલા રૂપિયા?

(1) 15052.50 (2) 52.50 (3) 10552.50 (4) 1044.50

**45.** જોડેલી બધી જોડી અચૂક હોય તેવો પર્યાય શોધો.

| | |
|---|---|
| અ) $y^2 - 17y - 60$ | a. $(y - 12)(y - 5)$ |
| બ) $y^2 - 17y + 60$ | b. $(y + 20)(y - 3)$ |
| ક) $y^2 + 17y - 60$ | c. $(y - 20)(y + 3)$ |
| ડ) $y^2 + 17y + 60$ | d. $(y + 12)(y + 5)$ |

(1) અ-c, બ-d, ક-a, ડ-b (2) અ-c, બ-a, ક-b, ડ-d

(3) અ-a, બ-c, ક-d, ડ-b (4) અ-d, બ-b, ક-a, ડ-c

**46.** એક વર્તુળાકાર નળાકાર કૂવાની ઉંડાઈ 14 મીટર અને ત્રિજ્યા 250 સેમી છે. કૂવાના અંદરના પૃષ્ઠભાગમાં સિમેંટ-રેતીનો લેપ લગાવવા માટે દર ચોરસ મીટરે 100 રૂપિયાના દરે કુલ ખર્ચ કેટલા રૂપિયા થશે?

(1) 22,000 (2) 22,00,000


(3) 2,20,000 (4) 220

**47.** દુકાનદારે 1900 રૂપિયા છાપેલી કિંમત હોય તેવી બે વસ્તુ વેચતા A વ્યક્તિને 171 રૂપિયા અને B વ્યક્તિને 152 રૂપિયા છૂટ આપી તો બન્નેને આપેલી છૂટમાં દુકાનદારે કેટલા ટકાનો ફરક કર્યો?

(1) 0.5 (2) 19 (3) 1 4) 0.1

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

**48.** In the adjoining figure $\angle y = 90°$, $l(xy) = 8$m. $l(yz) = 15$m, WM $\perp$ XZ, WM = 6m. Find the area of the figure.




(1) 171 (2) 111 (3) 162 (4) 222

**49.** Two lines are intersecting each other. The measures of the vertically opposite angles in a pair are $(2x + 65)°$ and $(7x - 10)°$. Find the measures of each remaining angle.

(1) 95° (2) 85° (3) 75° (4) 105°

**50.** AC is the diameter of a circle. 'B' is any point on the circle. Find the false statement from the following. (Choose two correct options)

(1) $\angle$BCA < 90°

(2) $\Delta$BCA is an acute angled triangle

(3) $\angle$CAB > 90°


(4) Measurement of the arc ABC = 180°

**51.** Two rectangular grounds have area 1541 sq. m. and 759 sq. m. respectively. If both the grounds have same breadth, find the breadth of the ground.

(1) 33 m. (2) 69 m. (3) 23 m. (4) 67 m.

**SPACE FOR ROUGH WORK**

**48.** બાજુની આકૃતિમાં $\angle Y = 90^\circ$, $l(XY) = 8$ મી., $l(YZ) = 15$ મી., $WM \perp XZ$, WM = 6 મી. તો આકૃતિમાં આપેલા ભૂખંડનું ક્ષેત્રફળ કેટલા ચો. મી. થશે?




(1) 171 (2) 111 (3) 162 (4) 222

**49.** બે રેખાઓ પરસ્પર છેદે છે ત્યારે બનતાં અભિકોણના માપ $(2x + 65)^\circ$ અને $(7x - 10)^\circ$ છે તો બાકી વધેલાં દરેક ખૂણાનું માપ કેટલા અંશ હશે?

(1) 95° (2) 85° (3) 75° (4) 105°

**50.** એક વર્તુળનો વ્યાસ AC છે અને બિંદુ B એ વર્તુળ પરનું કોઈપણ એક બિંદુ છે. તો નીચેનામાંથી ખોટું વિધાન ક્યું? (બે અચૂક પર્યાય શોધો.)

(1) $\angle BCA < 90^\circ$
(2) $\Delta BCA$ લઘુકોણ ત્રિકોણ છે.
(3) $\angle CAB > 90^\circ$
(4) ચાપ ABC નું માપ 180° છે.

**51.** સમાન પહોળાઈવાળા બે લંબચોરસ મેદાનના ક્ષેત્રફળ અનુક્રમે 1541 ચો.મી. અને 759 ચો.મી. છે. તો મેદાનની પહોળાઈ કેટલી?

(1) 33 મી.
(2) 69 મી.
(3) 23 મી.
(4) 67 મી.

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

**52.** If (17 × 19 × 4) ÷ m = 161.5 then find the value of 'm'.

(1) 0.6
(2) 7.0
(3) 0.8
(4) 8.0

**53.** Find the value of $\sqrt{992\frac{1}{4}}$

(1) 31.05
(2) 31.5
(3) 31.25
(4) 32.5

**54.** Which of the following is an irrational number?

(1) 3.14
(2) $\frac{22}{7}$
(3) π
(4) $3.\overline{142857}$

**55.** Where is the ortho centre of a right angled triangle located?

(1) In the interior of the triangle.
(2) On the vertex of the right angle.
(3) In the exterior of the triangle.
(4) Anywhere on the triangle.

**56.** Four numbers p, q, r and s are in proportion. Then find the correct statement from the following. (Choose two correct options)

(1) $\frac{p}{r}=\frac{q}{s}$
(2) $\frac{p}{s}=\frac{q}{r}$
(3) pq = rs
(4) sp = qr

**57.** '$x$' years hence, Mariya's age will be '$y$' years. Then find her age 10 years before.

(1) $y - x + 10$
(2) $y - x - 10$
(3) $y + x + 10$
(4) $y + x - 10$

**SPACE FOR ROUGH WORK**

**52.** $(17 \times 19 \times 4) \div m = 161.5$ તો $m = ?$

(1) 0.6 (2) 7.0

(3) 0.8 (4) 8.0

**53.** $\sqrt{992\frac{1}{4}} = ?$

(1) 31.05 (2) 31.5

(3) 31.25 (4) 32.5

**54.** નીચેનામાંથી અસંમેય સંખ્યા કઈ?

(1) 3.14 (2) $\frac{22}{7}$

(3) $\pi$ (4) $3.\overline{142857}$

**55.** કાટકોણ ત્રિકોણમાં શિરોલંબસંપાત બિંદુનું સ્થાન ક્યાં હોય છે?

(1) ત્રિકોણના આંતર્ભાગમાં (2) કાટકોણ બનાવતા શિરોબિંદુ પર

(3) ત્રિકોણના બાહ્યભાગમાં (4) ત્રિકોણ પર કોઈપણ જગ્યાએ

**56.** p, q, r, s આ ચારે સંખ્યા પ્રમાણમાં છે તો નીચેનામાંથી સત્ય વિધાન ઓળખો. (અચૂક ઉત્તરના બે પર્યાય શોધો.)

(1) $\frac{p}{r} = \frac{q}{s}$ (2) $\frac{p}{s} = \frac{q}{r}$

(3) $pq = rs$ (4) $sp = qr$

**57.** $x$ વર્ષ પછી મારીયાની ઉંમર $y$ વર્ષ થશે તો તેની 10 વર્ષ પહેલાની ઉંમર કેટલા વર્ષ હતી?

(1) $y - x + 10$ (2) $y - x - 10$


(3) $y + x + 10$ (4) $y + x - 10$

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

**58.** Find the value of 31.25%.

(1) $\frac{5}{16}$ (2) $\frac{3}{16}$ (3) $\frac{5}{16}\%$ (4) $\frac{12}{40}$

**59.** In the adjoining figure $\angle TPQ \cong \angle TPR$. Side PQ ≅ side PR. Then by which test $\Delta QPT$ and $\Delta RPT$ are congruent?




(1) S-A-S (2) S-S-S (3) A-S-A (4) S-A-A

**60.** The measure of an angle is $\frac{1}{5}$ times the measure of its supplementary angle. Find the measure of its complementary angle.

(1) 30° (2) 90° (3) 150° (4) 60°

**61.** A school had arranged a trip and started on Saturday at 6.30 a.m. They returned the next day on Sunday, at 8.15 p.m. Duration of the trip was for how many hours?

(1) $25\frac{3}{4}$ hours (2) $37\frac{3}{4}$ hours

(3) $37\frac{1}{4}$ hours (4) 47 hours 45 minutes


**SPACE FOR ROUGH WORK**

**58.** 31.25% = કેટલા?

(1) $\frac{5}{16}$ (2) $\frac{3}{16}$

(3) $\frac{5}{16}\%$ (4) $\frac{12}{40}$

**59.** બાજુની આકૃતિમાં $\angle TPQ \cong \angle TPR$, બાજુ PQ ≅ બાજુ PR તો $\Delta QPT$ અને $\Delta RPT$ આ બે ત્રિકોણ કઈ કસોટીનુસાર એકરૂપ છે?




(1) બા ખૂ બા (2) બા બા બા

(3) ખૂ બા ખૂ (4) બા ખૂ ખૂ

**60.** એક ખૂણાનું માપ તેના પૂરકકોણના માપના $\frac{1}{5}$ ગણું છે. તો તે ખૂણાના કોટિકોણનું માપ કેટલું?

(1) 30° (2) 90° (3) 150° (4) 60°

**61.** એક શાળાનું પર્યટન શનિવારે મધ્યાહ્ન પૂર્વ 6.30 વાગે નીકળીને બીજા દિવસે રવિવારે મધ્યાહનોત્તર 8.15 વાગે પાછું આવ્યું તો પર્યટન કુલ કેટલા કલાકનું થયું?

(1) $25\frac{3}{4}$ કલાક (2) $37\frac{3}{4}$ કલાક


(3) $37\frac{1}{4}$ કલાક (4) 47 કલાક 45 મિનિટ

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

**62.** A square piece of paper having length 8 cm. is taken, squares of size $1\,\text{cm} \times 1\,\text{cm}$ are cut at its four corner places. Find the difference between the perimeters of the original paper and the paper which is cut at its corner places in cms.

(1) 0 (2) 8 (3) 1 (4) 4

**63.** Observe the following figure and select the correct statements.




(A) Line AB and line BA are different lines.
(B) Line AB and line DC intersect at ‘O’.
(C) Point C, O and B are non-collinear points.

(1) ‘A’ and ‘B’ are correct. (2) ‘B’ and ‘C’ are correct.
(3) ‘A’, ‘B’ and ‘C’ are correct. (4) ‘A’ and ‘C’ are correct.

**64.** Find the capacity of a hollow cube whose side is 10 cm. (Choose two correct options)

(1) 1 litre (2) 1000 cubic cm
(3) 1000 litre (4) 100 ml

**65.** Area of a circle is denoted by ‘A’ and radius by ‘$r$’. Choose the correct statement from the following that states the correct relation of variation between A and $r$.


(1) $A \propto r$ (2) $A \propto \frac{1}{r^2}$
(3) $A \propto \frac{1}{r}$ (4) $A \propto r^2$

**SPACE FOR ROUGH WORK**

**62.** 8 સેમી લંબાઈ હોય એવો એક ચોરસાકાર કાગળ લઈ તેના ચારેય ખૂણા 1 સેમી. × 1 સેમી. માપના કાપી લીધા તો મૂળ કાગળની પરિમિતિ અને ખૂણા કાપ્યા પછી વધેલા કાગળની પરિમિતિ વચ્ચેનો ફરક કેટલા સેમી હશે?

(1) 0 (2) 8 (3) 1 (4) 4

**63.** આપેલી આકૃતિ માટે નીચેનામાંથી ક્યા વિધાન અચૂક છે?




(અ) રેખા AB અને રેખા BA ભિન્ન રેખાઓ છે.

(બ) રેખા AB અને રેખા DC પરસ્પર 'O' બિંદુમાં છેદે છે.

(ક) બિંદુ C, O અને B અસમરેખ બિંદુઓ છે.

(1) 'અ' અને 'બ' અચૂક (2) 'બ' અને 'ક' અચૂક

(3) 'અ', 'બ' અને 'ક' ત્રણેય અચૂક (4) 'અ' અને 'ક' અચૂક

**64.** 10 સેમી બાજુ હોય તેવા એક પોકળ ઘનની ધારકતા કેટલી? (બે અચૂક પર્યાય શોધો.)

(1) 1 લિટર (2) 1000 ઘ.સેમી.

(3) 1000 લિટર (4) 100 મિ.લિ.

**65.** વર્તુળનું ક્ષેત્રફળ 'A' છે અને ત્રિજ્યા '$r$' છે તો 'A' અને '$r$' વચ્ચેનો સંબંધ ચલનનું ચિહ્ન વાપરીને લખો.

(1) $A \propto r$ (2) $A \propto \frac{1}{r^2}$

(3) $A \propto \frac{1}{r}$ (4) $A \propto r^2$

**ફક્ત કાચા કાર્ય માટે**

**66.** Find the correct pair of twin prime numbers from the following in which the addition of twin prime numbers is more by 44 than the sum of all prime numbers between 1 to 25.

(1) 71, 73 (2) 41, 83

(3) 59, 61 (4) 41, 43

**67.** If the ratio of the measures of angles of □ABCD taken in order is 7:8:4:5. Find the type of □ABCD.

(1) Kite (2) Rhombus

(3) Trapezium (4) Parallelogram

**68.** Find the smallest number from the following such that when it is divided by every one digit prime number, every time the remainder is 1.

(1) 106 (2) 211

(3) 31 (4) 71

**69.** Saurabh invested Rs. 5000 for 3 years at rate 10 p.c.p.a. with simple interest. Yashashri invested same amount for the same period at the same rate of interest with compound interest. Compare the interests earned by Saurabh and Yashashri. (Select two correct option)

(1) Interest received by Yashashri was less by Rs. 1655 than Saurabh received.

(2) Interest received by Yashashri was more by Rs. 155 than Saurabh received.

(3) Interest received by Saurabh was more by Rs. 155 than Yashashri received.

(4) Interest received by Saurabh was less by Rs. 155 than Yashashri received.

**SPACE FOR ROUGH WORK**

66. નીચેનામાંથી કઈ જોડમૂળ સંખ્યાની જોડનો સરવાળો 1 થી 25 વચ્ચેની મૂળસંખ્યાના સરવાળા કરતાં 44 જેટલો વધારે છે?

(1) 71, 73
(2) 41, 83
(3) 59, 61
(4) 41, 43

67. □ABCD ના ક્રમાગત ખૂણાના માપનો ગુણોત્તર 7:8:4:5 છે તો □ABCD નો પ્રકાર ઓળખો.

(1) પતંગ
(2) સમભુજ ચતુષ્કોણ
(3) સમલંબ ચતુષ્કોણ
(4) સમાંતરભુજ ચતુષ્કોણ

68. એક સંખ્યાને બધી એક અંકી મૂળ સંખ્યા વડે ભાગતાં દરેક વખતે શેષ 1 વધે છે તેવી નાનામાં નાની સંખ્યા નીચેનામાંથી કઈ?

(1) 106
(2) 211
(3) 31
(4) 71

69. સૌરભે 5000 રૂપિયા 10% દર પ્રમાણે 3 વર્ષ માટે સાદા વ્યાજે રોકયા. યશશ્રીએ એટલી જ રકમ તે જ દરે તેટલી જ મુદત માટે ચક્રવૃધ્ધિ વ્યાજ પધ્ધતિ પ્રમાણે રોકાણ કર્યું. તો બન્નેને મળેલા વ્યાજની તુલના કરો. (બે અચૂક પર્યાય શોધો.)

(1) યશશ્રીને સૌરભ કરતા 1655 રૂપિયા વ્યાજ ઓછું મળ્યું.
(2) યશશ્રીને સૌરભ કરતાં 155 રૂપિયા વ્યાજ વધારે મળ્યું.
(3) સૌરભને યશશ્રી કરતાં 155 રૂપિયા વ્યાજ વધારે મળ્યું.
(4) સૌરભને યશશ્રી કરતાં 155 રૂપિયા વ્યાજ ઓછું મળ્યું.

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

**70.** Which of the following can be the measure of an angle in the minor segment?

(1) 45° (2) 135°
(3) 180° (4) 90°

**71.** Find the value of $\dfrac{(4.9)^3 + (2.1)^3}{(4.9)^2 - (10.29 \times 1) + 4.41}$

(1) 0.7 (2) 2.8 (3) 28.42 (4) 7.0


**72.** There is a regular hexagon having each side 14 cm. On every side a semicircle is drawn from outside the hexagon, taking each side as the diameter. Find the perimeter of the figure so formed.

(1) 132 cm (2) 308 cm (3) 216 cm (4) 123 cm

**73.** In the adjoining figure, an isosceles trapezium is drawn. The measurements of sides of the figure are as follows.

$l$(QR) = $l$(PS) = 5 units,

$l$(PQ) = 5 units, $l$(PT) = 4 units. Find the area of □PQRS.




(1) 32 units (2) 44 sq. units
(3) 32 sq. units (4) 24 sq. units

**SPACE FOR ROUGH WORK**

**70.** લઘુવૃત્તખંડ માંના ખૂણાનુ માપ નીચેનામાંથી કયું હોઈ શકે?

(1) 45°　　(2) 135°

(3) 180°　　(4) 90°

**71.** $\dfrac{(4.9)^3 + (2.1)^3}{(4.9)^2 - (10.29 \times 1) + 4.41}$ = કેટલા?


(1) 0.7　　(2) 2.8　　(3) 28.42　　(4) 7.0

**72.** 14 સેમી બાજુવાળા નિયમિત ષટ્કોણની પ્રત્યેક બાજુ વ્યાસ ગણીને તે બાજુ પર બહારથી અર્ધવર્તુળ દોરીએ તો તૈયાર થતી આકૃતિની પરિમિતિ કેટલી?

(1) 132 સેમી　　(2) 308 સેમી

(3) 216 સેમી　　(4) 123 સેમી

**73.** બાજુની આકૃતિ સમદ્વિભૂજ સમલંબ ચતુષ્કોણની છે તેની બાજુના માપ નીચે પ્રમાણે છે. $l$(QR) = $l$(PS) = 5 એકમ, $l$(PQ) = 5 એકમ, $l$(PT) = 4 એકમ. તો □PQRS નું ક્ષેત્રફળ કેટલું?




(1) 32 એકમ　　(2) 44 ચો. એકમ

(3) 32 ચો. એકમ　　(4) 24 ચો. એકમ

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

**74.** Instead of investing Rs. 3000 with simple interest for two and half years, if Rs. 4000 are invested with simple interest for two years, interest of Rs. 25 is earned more. What is the rate of interest?

(1) 10% (2) 6%

(3) 4% (4) 5%

**75.** Read the following statements and choose the correct alternative.

(A) 29, 31 are twin prime numbers.

(B) 29, 31 are co-prime numbers.

(C) 29, 31 are prime numbers.

(1) 'A', 'B', 'C' are correct. (2) Only 'A' and 'C' are correct.

(3) Only 'B' and 'C' are correct. (4) Only 'A' and 'B' are correct.

**SPACE FOR ROUGH WORK**

**74.** સાદા વ્યાજ પદ્ધતિથી 3000 રૂપિયા અઢી વર્ષ રોકયા કરતાં 4000 રૂપિયા બે વર્ષ માટે રોકાણ કરતાં 25 રૂપિયા વ્યાજ વધારે મળે છે. તો વ્યાજનો દર કેટલો હશે?

(1) 10%
(2) 6%
(3) 4%
(4) 5%

**75.** નીચેના વિધાનો વાંચી યોગ્ય પર્યાય શોધો.

(અ) 29, 31 આ જોડમૂળ સંખ્યા છે.
(બ) 29, 31 આ સહમૂળ સંખ્યા છે.
(ક) 29, 31 આ મૂળ સંખ્યા છે.

(1) 'અ', 'બ', 'ક' ત્રણેય અચૂક
(2) ફક્ત 'અ' અને 'ક' અચૂક
(3) ફક્ત 'બ' અને 'ક' અચૂક
(4) ફક્ત 'અ' અને 'બ' અચૂક

<u>ફક્ત કાચા કાર્ય માટે</u>

**SPACE FOR ROUGH WORK**